
ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

# કિષ્કિન્ધાકાંડ



*

ભાવાત્મક પદ્યાનુવાદ



## - શ્રી યોગેશ્વર

## NOTICE

### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*


**e-book**

Title : Kiskindha-kand
Language : Gujarati
Version : 4.1
Pages : 42
Created : July 21st 2024.


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

*

# આરંભ

कुन्देन्दीवरसुन्दरावतिबलौ विज्ञानधामावुभौ
शोभाढ्यौ वरधन्विनौ श्रुतिनुतौ गोविप्रवृन्दप्रियौ ।
मायामानुषरूपिणौ रघुवरौ सद्धर्मवर्मौ हितौ
सीतान्वेषणतत्परौ पथिगतौ भक्तिप्रदौ तौ हि नः ॥१॥

(શાર્દૂલવિક્રિડિત – જે ચૈતન્ય ચરાચરે)

જે છે સુંદર નીલ પદ્મ સરખા ને કુંદ જેવા, બલી
શોભાસાગર જ્ઞાનધામ ધનુવિદ, વેદે સ્તવ્યા સર્વદા,
ગોવિપ્રપ્રિય ધર્મવર્મ હિતકૃત્ સૌ બંધનોને હરે,
સીતાન્વેષણલીન જે વિહરતા વેઠી વ્યથાને વને,
માયામાનુષ રામલક્ષ્મણ સદા, ભક્તિ અમોને ધરે.

ब्रह्माम्भोधिसमुद्भवं कलिमलप्रध्वंसनं चाव्ययं
श्रीमच्छम्भुमुखेन्दुसुन्दरवरे संशोभितं सर्वदा।
संसारामयभेषजं सुखकरं श्रीजानकीजीवनं
धन्यास्ते कृतिनः पिबन्ति सततं श्रीरामनामामृतम ॥२॥

(શાર્દૂલવિક્રિડિત)

લાધેલું શ્રુતિસિંધુથી, કલિમલવિધ્વંસક, અવ્યય,
શોભે સુંદર શ્રેષ્ઠ શંભુમુખમાં, દે શાંતિ જે અક્ષય;
સંસારામય દિવ્ય ઔષધ સમું, શ્રી જાનકીજીવન
પુણ્યાત્મા સહુ ધન્ય પાન કરતા શ્રી રામનામામૃત.

*

(દોહરા)

જ્ઞાનખાણ અઘનાશિની, માતા મુક્તિતણી,
શંભુ ભવાની જ્યાં વસે લેતાં ક્લેશ હણી;

કેમ સેવવી તે નહીં સ્નેહથકી કાશી;
તીર્થપુરી માને પરમ મુક્તિ અભિલાષી.

ઉગારતાં સુરવૃંદને કર્યું વિષમ વિષપાન
એ શંકરશા અન્ય છે જગમાં કોણ કૃપાળ.

મંદબુદ્ધિ મન ના ભજે એ શંકરને કેમ,
મૂઢતા તજી એમનાં ચરણોમાં કર પ્રેમ.

*

## હનુમાન અને સુગ્રીવ

(આખ્યાન)

શ્રી રઘુનંદન આગળ ચાલ્યા, ઋષ્યમૂક ગિરિ પાસે આવ્યાં;
સચિવસહિત સુગ્રીવ રહે ત્યાં, પેખ્યા ઉભય અતુલબળ વનમાં.

અતિ સભીત બોલ્યો હનુમાન, પુરૂષ ઉભય બળરૂપનિધાન,
ધરી બ્રહ્મચારીનું રૂપ જાણો સત્વર મૂળ સ્વરૂપ.
સુહૃદ હોય વાલિતણા જો ગિરિને છોડી નાસું તો.

વિપ્રરૂપ ધારી હનુમાન કહેવા લાગ્યા કરી પ્રણામ
કોણ શ્યામ ગૌર તમે વીર, ફરો કેમ ક્ષત્રિયશરીર,
કોમળ પદ છે ભૂમિ કઠોર, ચાલો લેશ કરી ના શોર.

મૃદુલ મનોહર સુંદર અંગ, સહો સંકટો છતાં અનંત;
નર નારાયણ બંને છો, ત્રિદેવમાંથી પ્રગટ્યા કો?

(દોહરા)

જગકારણ ભવતારણ ભંજન ધરણીભાર
અખિલ વિશ્વપતિ કે તમે ધર્યો મનુજ અવતાર?

*

(આખ્યાન)

કોશલેશ દશરથસુત બે, નામ રામ ને લક્ષ્મણ છે,
પાળવા અમે પિતાવચન આવ્યા સંકોચ વગર વન.

સુકુમારી સાથે નારી, હરી ગયો રાક્ષસ ભારી;
વનમાં શોધ અમે કરતા, વિરહવ્યથા સાથે ફરતા.

અમે અમારી કથા કહી, કથા તમે પણ કહો સહી,
પ્રભુને પરખીને હનુમાન પડ્યા પદમહીં કરી પ્રણામ.

એ સુખનું વર્ણન ના થાય, બની પ્રેમથી પુલકિત કાય;
પ્રભુનો વેશ સરળ જોયો, પ્રાણ ઓળખીને મોહ્યો.

ધીરજ ધરતાં સ્તવન કર્યું, સ્તોત્ર સુખતણું પરમ વહ્યું;
પૂછ્યું મેં તો સહજપણે, પૂછો નરસમ કેમ તમે?

માયાવશ ભૂલીને ભાન ફરું ધરીને હું અજ્ઞાન,
ઓળખ્યા નહીં પ્રભુને મેં, તમે ઓળખ્યો પણ ના શેં?

(દોહરા)

મંદ મોહવશ દીન હું કુટીલ હૃદય અજ્ઞાન
છતાં મને વિસરી ગયા દીનબંધુ ભગવાન.

(ચોપાઈ)

ઘણાં અવગુણ મારામાં નાથ, તોય છોડવો ના ઘટે સાથ;
તમે ભૂલો તો ચાલે કેમ, હોય પ્રભુનો તો પાવન પ્રેમ.

માયાસંમોહિત જોકે જીવ તરે અનુગ્રહથી તમ શિવ !
તમે વરસો કૃપાની ના વર્ષા તો તો જીવ રહે બધા તરસ્યા.

કર્યું ભજન નથી મેં કાંઈ, વળી સાધના ના કશી સાંઈ;
રહે સેવક સ્વામી ભરોસે માતા બાળકને વળી પોષે.
તેમ ભક્તને ચિંતા કશી ના, પ્રભુ સંભાળે એને જગે આ.

પડ્યા ચરણોમાં અંજનીપુત્ર, ધાર્યું પોતાનું અસલ સ્વરૂપ;
આપ્યું રામે આલિંગન ત્યારે, કર્યા શીતળ અશ્રુની ધારે.

તમે કપિવર ઓછું ના આણો, પ્રિય અનુજથી દ્વિગુણિત જાણો;
મને સમદર્શી સઘળા જાણે, છતાં ભક્ત વસે મારા પ્રાણે.

(દોહરા)

અનન્ય ગતિ સેવક મને પ્રિય છે અધિક ખરે,
પ્રિય અપ્રિય જોકે મને કોઈયે ન મળે.

એ અનન્ય જેની કદી મતિ ન મટે હનુમંત,
હું સેવક સચરાચર રૂપ પરમ ભગવંત.

(આખ્યાન)

પેખી પવનસુત પતિ અનુકૂળ હરખ્યા, મટી બધીયે શૂળ,
વદ્યા શૈલ પર કપિપતિવાસ, એ સુગ્રીવ આપનો દાસ.

કરો મિત્રતા એની સાથ દીન સમજતાં પકડી હાથ
અર્પો આલંબન પ્રેમે, અભય બનાવી દો રે'મે.

કરાવશે સીતાની ખોજ યોદ્ધાગણ મોકલતાં રોજ;
કહી શાંતિથી સર્વ કથા શમાવતાં સઘળીયે વ્યથા.

ખભા ઉપર આસન આપ્યું, અંતર ગિરિકેરું કાપ્યું;
સુગ્રીવે નિરખીને રામ માન્યો જન્મ ધન્ય કૃતકામ.

સાદર મળી કર્યા પ્રણિપાત, ભેટ્યાં ભાવે બંને ભ્રાત;
કપિવર વિચારવા લાગ્યો, સંશય ચિત્તમહીં જાગ્યો.

(દોહરા)

અરે વિધાતા રામ આ બનશે મારા મીત?
હનુમાને એ ઉભયની કહી કથા ને રીત
પાવકને સાક્ષી કરી બાંધી પાવન પ્રીત.

(આખ્યાન)

કરી પ્રીત અંતર ના રાખ્યું; રામચરિત અનુજે સહુ ભાખ્યું;
કહ્યું કપિએ નયનભરી વારિ, મળશે પ્રિય મિથિલેશકુમારી.

એક વાર મુજ મંત્રી સાથ બેઠો ગિરિ પર કરી વિચાર,
ગગનપંથ નિરખી નારી પરવશ વિલાપથી ભારી.

રામ રામ હા રામ કહી અસહ્ય સંકટને ન સહી,
નાખ્યું વસ્ત્ર હતું ત્યારે એણે પર્વત પર પ્યારે.

વસ્ત્ર વિલોકીને શ્રીરામ કરવા લાગ્યા શોક તમામ,
હ્રદય લગાવી ઘડી રહ્યા, વ્યથા તણા બે વચન કહ્યાં

શોક તજો સુગ્રીવ વદ્યો, ધૈર્ય ધરો ને સ્થૈર્ય સજો;
સહાય સર્વપ્રકાર કરીશ, શોક તમારો સકળ હરીશ.

(દોહરા)

સીતાના મેળાપના કરીશ સર્વ ઉપાય;
હરખ્યા સાંત્વન પામતાં કૃપાસિંધુ રઘુરાય.

વનમાં કેમ વસો તમે, કહો પિતૃનાં નામ,
જન્મકથા મુજને કહો બોલ્યા તરત જ રામ.

(આખ્યાન)

નાથ વાલિ ને હું બે ભ્રાત, પ્રીત વર્ણવું કેમ અગાધ;
માયાવી મયસુતનું નામ આવ્યો શત્રુ અમારે ગામ.

(દોહરા)

મધરાતે પુરદ્વાર પર એણે મારી હાક,
વાલિએ પીછો કર્યો ભણાવવાને પાઠ.

સહાય ભાઈને કરી સાથે દોડી મેં;
ગિરિની ઘોર ગુફામહીં ગયો આક્રમક એ.

ત્યારે બોલ્યો વાલિ કે બે સપ્તાહ સુધી
ના આવું તો તું મને મૃત લેજે સમજી.

બે સપ્તાહ સુધી મને કહ્યું પ્રતીક્ષાકાજ
એક માસપર્યંત મેં કર્યો કિન્તુ ત્યાં વાસ.

રક્ત ગુફામાંથી વહ્યું ત્યારે સમજ્યો એમ
માર્યો એણે વાલિને, હવે ન મારું ક્ષેમ.

શિલા ગુફા પર મૂકતાં આવ્યો હું નગરે,
મંત્રીઓએ આગ્રહે આપ્યું રાજ્ય મને.

વાલિ પુરે આવ્યો પછી કરી પ્રખર વિદ્વેષ
માર્યો મુજને સ્ત્રી હણી, કરુણા કરી ન લેશ.

બેચેન બનીને ફરું એના ભયથી હું,
મતંગ મુનિના શાપથી અહીં સુરક્ષિત છું.

તોપણ ભયનો પાર ના સુણતાં દીનદયાળ
દ્રવી ગયા, ફરકી રહ્યા બંને બાહુ વિશાળ.

એક જ બાણે વાલિને હણીશ હું સુગ્રીવ,
બ્રહ્માશિવ શરણે જતાં બચી ન શકશે જીવ.

(ચોપાઈ)

જે ના મિત્રદુઃખે દુઃખી થાય તેને જોવાનું પાપ ગણાય;
દુઃખ ગિરિ નિજ રજસમ જાણે, મિત્રદુઃખ રજને મેરુ માને.

જેની બુદ્ધિ સહજ ના એવી એની મિત્રતા વ્યર્થ જ જેવી;
મિત્ર મિત્રને સન્માર્ગે વાળે, ગુણ પ્રગટાવે દુર્ગુણ ટાળે.

લેવાદેવામાં શંકા કરે ના, કરે કલ્યાણ બનતું બધું હા !
કરે વિપદમાં શતગણો સ્નેહ, સદા સ્નમિત્ર માનવો એહ.

બોલે સામે આવી મૃદુ વાણ, કિન્તુ પાછળથી હરે પ્રાણ,
કરે અનહિત કુટિલ બનીને, એનો સંગ ના કરવો જરીયે.

શઠ સેવક કંજૂસ રાજ મિત્ર કપટી કુનારી ના લાજ,
શૂળ સરખાં કરાળ એ ચાર કદી કરી શકે ના ઉદ્ધાર.

(દોહરા)

ચિંતા છોડી દો હવે રાખી મુજ વિશ્વાસ,
બોલ્યા રામ કરીશ હું પૂર્ણ બધીયે આશ.

સાત તાડનાં વૃક્ષને તોડ્યાં એક જ બાણ
ભારે શ્રદ્ધાથી થયો પુલકિત એનો પ્રાણ.

(આખ્યાન)

વારંવાર નમાવી શીશ હરખ્યો જાણી ઈશ કપીશ,
ઉપજ્યું જ્ઞાન વદ્યો ને વાણ, બન્યો સ્થિર આજે મુજ પ્રાણ.

છોડી સુખ સંપત પરિવાર અહં સદા સેવીશ દયાળ;
ભક્તિમહીં અવરોધક એ, આરાધક સૌ એમ કહે.

શત્રુમિત્ર સુખદુઃખ જગમાં માયાકૃત છે, યથાર્થ ના;
વાલિ પરમહિતકર મારો સંગ કરાવ્યો આ ન્યારો.
એનો પામી પુનિત પ્રસાદ મળ્યો તમોને શમનવિષાદ.

સ્વપ્ને યુદ્ધ થઈ જો જાય જાગૃતિમાં મન તો શરમાય;
કૃપાતણો વરસો વરસાદ, ભજુ તજી સઘળું દિનરાત.

(દોહરા)

વિરતિસભર શબ્દો સુણી બોલ્યા રામ સપ્રેમ,
શ્રદ્ધા ધારો સૌ થશે તમે કહો છો તેમ.

વચન થશે મિથ્યા નહીં મારું મિત્ર કદી,
વિધિએ સઘળી યોજના છે અનુકૂળ ઘડી.

*

## વાલિનો નાશ

(આખ્યાન)

નટ મરકટ સમ રામ નચાવે સૌને એમ વેદ સહુ ગાયે;
ધનુષબાણ લેતાં રઘુનાથ ચાલ્યા પછી સુહૃદની સાથ.

પામી શક્તિ રામતણી કરી ગર્જના ઘોર ઘણી,
વાલિ ક્રુદ્ધ દોડ્યો ભારે, સ્ત્રીએ સમજાવ્યો ત્યારે.

મળ્યો જેમને છે સુગ્રીવ બંધુ ઉભય તે છે અતિવીર,
કોશલેશસુત લક્ષ્મણ રામ કાળનેય જીતે સંગ્રામ.

(દોહરા)

વાલિ વદ્યો સાંભળ પ્રિયે, સમદર્શી રઘુનાથ,
મારશે મને જો કદી બનીશ તોય સનાથ.

એમ કહી સુગ્રીવને તૃણસમાન જાણી
ચાલ્યો લડવા વાલિ એ અતીવ અભિમાની.

ધમકાવ્યો સુગ્રીવને મુક્કો માર્યો તેમ
ગરજીને, સુગ્રીવ તો નાઠો વ્યાકુળ જેમ.

વજ્રસમો લાગ્યો કઠિન એને એક પ્રહાર,
રઘુવીર કહ્યું એહણે વાલિ ભ્રાત ના, કાળ.

એકરૂપ છો બંધુ બે રામે કહ્યું તમે,
એથી એને ના હણ્યો સંદેહથકી મેં.

સ્પર્શ કરી સુગ્રીવને કર્યું વજ્રસમ અંગ,
માળ પહેરાવી ધરી શક્તિ દિવ્ય અનંત.

વૃક્ષ ઓથથી રામ એ જોઈ યુદ્ધ રહ્યા,
સુગ્રીવે બળ વાપરી છળને ખૂબ કર્યાં.

કિન્તુ હૃદય હારી ગયું આર્ત એનું જ્યારે
રામે હૃદયે વાલિના શર માર્યું ત્યારે.

વ્યાકુળ પૃથ્વી પર પડ્યો તરત વાલિ એ ત્યાં,
બેઠો પૃથ્વી પર ફરી સામે શ્રીપ્રભુના.

શ્યામ અંગ શિર પર જટા અરુણ નયન સુવિશાળ,
પ્રભુનાં ચરણકમળમહીં મન જોડ્યું તત્કાળ.

ધનુધારી પ્રભુ ઓળખી જન્મ સફળ માન્યો,
પ્રીત પ્રાણ પ્રગટી છતાં મર્મ નહીં જાણ્યો.

બોલ્યો વચન કઠોર એ એથી આર્ત બની,
ધર્મહેતુ પ્રગટ્યા, રહ્યા પારધિ જેમ હણી.

માન્યો પ્રિય સુગ્રીવને વળી મને વેરી,
સજા ઘોર દીધી તમે કયા દોષ કેરી?

(આખ્યાન)

અનુજપ્રિયા ભગિની સુતનાર શઠ હે કન્યાસમ એ ચાર,
એમના પ્રતિ કુદ્રષ્ટિ કરે પાપ એમને નથી હણ્યે.

મૂઢ તને અતિશય અભિમાન, સ્ત્રીની સલાહ ન ધરી ધ્યાન;
મુજબળઆશ્રિત જનને તેં મારવા ચહ્યો ગર્વ વડે.

(દોહરા)

ચતુરાઈ ના ચાલશે રામ તમારી પાસ;
પાપી રહ્યો હજીય હું તમને પામી ખાસ?

*

(ચોપાઈ)

સુણી શબ્દ એ કરુણા સાથ રામે વાલિમસ્તક મૂક્યો હાથ,
કરું અચળ તને રાખ પ્રાણ; કહ્યું વાલિએ કરુણાનિધાન !

મુનિ યત્ન કરે જન્મોજન્મ અંતે રામ તોયે ના'વે મન;
જેના નામે વસી શિવકાશી અર્પે સદગતિને અવિનાશી,
રામદર્શન તે મને થાય એવું બનશે શું કોટિ ઉપાય?

(છંદ – શ્રીરામચંદ્ર કૃપાલુ)

શ્રુતિ જેમનાં ગુણ નેતિનેતિ સ્વરે નિરંતર ગાય છે,
મન પ્રાણ જીતી વિષયથી મુનિ મુક્ત નીરસ થાય છે
ત્યારે જ ધ્યાને પ્રગટતા જે તે જ છે સામે રહ્યાં,
અભિમાનવશ માની મને તન રાખવા વચનો કહ્યાં.

પણ મૂર્ખ એવો કોણ કાપી કલ્પદ્રુમ આગ્રહ કરી
જે વાડ બાવળની કરે જીવનમહીં જાગી ફરી?

કરુણાતણી દ્રષ્ટિ કરો ને નાથ વર ઈપ્સિત ધરો,
જ્યાં કર્મવશ જન્મું મને ત્યાં ભક્ત નિજપદનો કરો.
આ પુત્ર વિનયી ને બલી મુજશો ગ્રહણ તેને કરો,
હે નાથ સુરનરના, બનાવો દાસ અંગદને ખરો.

(દોહરા)

કરી રામપદપ્રીત દ્રઢ કર્યો પછી તનત્યાગ,
માળા પડતી કંઠથી જેમ ન જાણે નાગ.

શીઘ્ર વાલિને મોકલ્યો શ્રીરામે નિજધામ,
નગરજનો વ્યાકુળ બની ઉભરાયા તે ઠામ.

સ્ત્રી તારા કરતી રહી વિવિધ પ્રકાર વિલાપ,
છૂટાં કેશે ભૂલતાં આર્ત બનીને આપ.

*

(ચોપાઈ)

તારા વિકળ દેખી રઘુરાયે હરી માયાને જ્ઞાન-ઉપાયે;
જલ ક્ષિતિ અગ્નિ ગગન સમીર પંચભૂતે રચાયું શરીર,
પડ્યું પ્રત્યક્ષ એ આજ સામે, જીવ નિત્ય છતાં રડે શાને?

જ્ઞાન જાગ્યું ત્યારે પગે લાગી, લીધું ભક્તિનું વરદાન માગી;
આપી આજ્ઞા સુગ્રીવને રામે જવા લાગી મરણોત્તર કાળે.

*

(દોહરા)

લક્ષ્મણને સુગ્રીવને કહ્યું આપવા રાજ,
ચાલ્યા પુરજન પ્રેમથી આજ્ઞાપાલનકાજ.

એકત્ર કરી લક્ષ્મણે પુરજનવિપ્રસમાજ,
કર્યા નૃપતિ સુગ્રીવને અંગદને યુવરાજ.

(આખ્યાન)

હિતકર રઘુવર સમ જગમાંહ્ય, ગુરૂપ્રભુબંધુમાત ના તાત;
સુરનરમુનિ સૌની એ રીત કરે સ્વાર્થ માટે સૌ પ્રીત.

વાલિ ત્રાસ વ્યાકુળ દિનરાત, તનમાં વ્રણ ચિંતાતુર આર્ત,
તે સુગ્રીવ કર્યો કપિરાય, રામ ખરે જ અતીવ કૃપાળ.

એવાં પ્રભુને ત્યાગે જે પડે વિપદની જાળે તે;
સરિતા છેક સમીપે હોય શકે સમાવી તરસ ન તોય.

પ્રભુએ કહ્યું સુણો સુગ્રીવ, ઋતુ વર્ષાની હવે સમીપ,
ચૌદ વરસ વનવાસ મળ્યો, ગિરિ પર કાળ વ્યતીત કરવો.

અંગદસહિત ચલાવો રાજ રાખી ઉરમાં મારું કાજ;
વિદાય નૃપ સુગ્રીવ થયો, રામે ગિરિ પર વાસ કર્યો.

(દોહરા)

ગુફા પ્રવર્ષણ પર્વતે દેવે સરસ કરી
રામ કૃપાનિધિ ત્યાં વસે એવી આશ ધરી.

*

## વનવર્ણન

(આખ્યાન)

સુંદર વન સુમને સોહાય, ગૂંજે અલિ મધુથી મોહાય;
કંદમૂળફળફૂલ અનેક પ્રભુને પેખી થયાં વિશેષ.

પેખી મનહર શૈલ અનૂપ વસ્યા અનુજ સાથે સુરભૂપ;
મધુકરખગમૃગતનધર દેવ કરે સિદ્ધમુનિ પ્રભુની સેવ.

મંગલરૂપ બન્યું વન ખાસ થતાં રમાપતિનો ત્યાં વાસ;
સ્ફટિકશિલા અતિસુંદર એક બેઠા ઉભય રસે ત્યાં છેક.

કહેતા રઘુવર કથા અનેક ભક્તિવિરતિ નૃપનીતિવિવેક;
નભમાં વર્ષામેઘ છવાય મધુર ગરજતા સુભગ સોહાય.

(દોહરા)

લક્ષ્મણ, જલદ નિહાળતાં નાચે મોર સપ્રેમ,
ગૃહી વિરક્ત વિલોકતાં વિષ્ણુભક્તને જેમ.

(આખ્યાન)

ઘન ઘમંડ નભ ગરજે ઘોર, પ્રિયાહીન ડરતું મન મોર;
રહે દામિની ના ઘનમાંહ્ય, ખલપ્રીત ટકે તેમ ન ક્યાંય.

વિદ્યાથી વિદ્વાન નમે, મેઘ તેમ ક્ષિતિ પર વરસે;
સહે શઠવચન સજ્જન જેમ સહે વૃષ્ટિને પર્વત તેમ.

સરિતા સ્વલ્પ તરત ઉભરાય, છકી અલ્પ ધનથી ખલ જાય;
જીવ પડે માયામાં જેમ મલિન વારિ પૃથ્વી પર તેમ.

સલિલ ભરી દે વિવિધ તળાવ જ્યમ સજ્જનને સદગુણભાવ;
સરિતાજલ જલનિધિમાં જાય જીવ જેમ શિવમાં સ્થિર થાય.

(દોહરા)

હરિત ભૂમિ તૃણ સંકુલ, સમજે પડે ના પંથ,
પાખંડ મતે થાય છે ગુપ્ત જેમ સદગ્રંથ.

*

(આખ્યાન)

ચોદિશ દાદુરસ્વરો સુણાય વેદ ભણે જ્યમ શિશુસમુદાય,
પલ્લવ પામ્યાં વિટપ અનેક, પામે સાધક જેમ વિવેક.

સુરાજ્યમાં ખલ નિષ્ક્રિય થાય પર્ણહીન ત્યમ અર્કજવાસ;
શોધી મળે ન ક્યાંયે ધૂળ ક્રોધ ધર્મ જ્યમ કરતો દૂર.

ઉપકારી વૈભવથી જેમ સોહે ધરતી શશિથી તેમ;
તમિસ્ત્રમાં ખદ્યોત મળે દંભીસમાજ જેમ ફરે.

મહાવૃષ્ટિ તોડે ક્યારી, સ્વચ્છંદે બગડે નારી;
નીંદે ખેતર ચતુર કિસાન, મોહ તજે બુધ જ્યમ મદમાન.

ધર્મ ના રહે કલિયુગમાંહ્ય ચક્રવાક ના તેમ જણાય;
ઉજ્જડ જમીનમાં ના ઘાસ હરિજન ઉર જ્યમ કામ ખલાસ.

વધતી પ્રજા સુરાજ્યમહીં વ્યાપ્ત જંતુથી તેમ મહી;
વટેમાર્ગુ કરતા વિશ્રામ ઈન્દ્રિય જેમ પ્રગટતાં જ્ઞાન.

(દોહરા)

પ્રબળ વાયુ વાતાં કદી અભ્ર બધે વિખરાય,
કુપુત્ર ઉપજ્યે કુળતણા ધર્મ જેમ ન પળાય.

ક્યારેક દિન નિબિડ તમ પ્રકટે તેમ પતંગ,
જ્ઞાન જેમ જાગે મટે પામી સંગ કુસંગ.

*

વર્ષા વીતી ને સુભગ આવી શરદ વળી,
કાસડાથકી છે રહી ઘડપણ પ્રગટ કરી.

લોભવૃતિ સંતોષને શોષી લે છે જેમ,
અગસ્ત્યતારાએ ઉગી શોષ્યાં પથજલ તેમ.

સરિતાસરમાં સ્વાદુ ને નિર્મળ જળ સોહાય,
મદ મમતા વિણ સંત મન નવ જેવાં મોહાય.

સુકાઈ સઘળે રહ્યાં સરિતાસરપાણી,
મમતાને ત્યાગે સદા જેમ પરમજ્ઞાની.

ખંજનપક્ષી શરદને અવલોકી આવ્યાં,
સુકૃત પ્રગટતાં સમય પર જેવિધ મનભાવ્યાં.

પંકરેણુ વિણ શોભતી કેવી સકળ ધરા,
કર્મ શોભતાં નીતિરત જેવાં નૃપતિ તણાં.

અબુધ કુટુંબી ધન વિના વ્યાકુળ બનતાં જેમ
પાણી ઘટતાં મીન સૌ વિકળ બને છે તેમ.

હરિજન છોડી આશા સૌ શાંતિ પામતો જેમ,
શાંત લાગતું સ્વચ્છ આ નિરભ્ર નભ પણ એમ.

ક્યાંક થતી કોઈ ક્ષણે શરદતણી વૃષ્ટિ
વિરલ માનવી પામતા જેમ ભક્તિસૃષ્ટિ.

(આખ્યાન)

સુખી મીન સૌ નીર અગાધ, હરિશરણ ગયે જેમ ન બાધ;
ખીલ્યે કમળ હસે સર એમ, નિર્ગુણ બ્રહ્મ સગુણ હો જેમ.

ગૂંજે મધુકર મુખર અનૂપ, સુંદર ખગરવ નાનારૂપ;
ચક્રવાક દુઃખ દેખી રાત જ્યમ દુર્જન પરદ્રવ્ય અમાપ.

તૃષાર્ત ચાતક કરે પુકાર, શિવદ્રોહી ના સુખી લગાર;
સંતદર્શને પાતક જાય તાપ ચંદ્રથી તેમ હરાય.

હરિજન હરિ પામી હરખાય, ચકોર શશિથી ત્યમ ખુશ થાય;
મચ્છરડાંસ મટ્યા હિમત્રાસ દ્વિજદ્રોહે કુળનો જ્યમ નાશ.

*

(દોહરા)

જીવ થયા અદ્રશ્ય સૌ શરદ આવતાં ખાસ,
સદગુરૂ મળતાં જેમ હો સંશયભ્રમનો હ્રાસ.

*

### સુગ્રીવને શિક્ષા

(ચોપાઈ)

વર્ષા વીતી શરદઋતુ આવી, નવ સંદેશ સીતાનો લાવી;
મળે કેમે મને માહિતી જો લાવું સીતાને કાળ જીતી તો.

ભલે હોય ગમે ત્યાં જીવંત લઈ આવીશ રાખીને ખંત;
પામી રાજ્ય નગરનિધિનારી દીધો સુગ્રીવે મુજને વિસારી.

માર્યો વાલિને મેં જે બાણે મારું મૂઢને તે બાણે કાલે;
ટાળે કૃપાથી જે મદમોહ તેને સ્વપ્નેય શું ક્રોધ હોય?

લીલા જાણે કોઈ મુનિજ્ઞાની જેણે રામચરણરતિ માની;
સુણી લક્ષ્મણે ક્રોધિત વાણી ધાર્યા હાથમાં ધનુષ્યબાણ.

(દોહરા)

સમજાવ્યો એને તરત દયાસિંધુ પ્રભુએ,
લાવવો ઘટે સુહૃદને ભય દર્શાવીને.

*

(ચોપાઈ)

કર્યો પવનસુતે ત્યાં વિચાર રામકાજનો આવ્યો ના પાર;
શીશ સુગ્રીવચરણે નમાવ્યું, મિત્રવચનને યાદ કરાવ્યું.

બન્યો ભયભીત સુગ્રીવપ્રાણ હર્યું વિષયોએ મારું જ્ઞાન,
હવે પાઠવો દૂતસમૂહ જ્યાં ત્યાં વાનરવીરોનાં જૂથ.

આવે પખવાડિયામાં જે ના રહી જીવિત શકશે તે ના.

પછી બોલાવ્યા હનુમાને વીર વળી સન્માન્યા બલવંત ધીર,
ભીતિપ્રીતિ ને નીતિ બતાવી; ચાલ્યા સર્વે સાદર સુખે નામી.

(દોહરા)

કર્યો લક્ષ્મણે પુરમહીં તે વખતે જ પ્રવેશ,
લાગ્યા વાનર નાસવા ક્રુદ્ધ દેખતાં વેશ.

ધનુષ ચઢાવી લક્ષ્મણે કહ્યું નગર બાળું;
અંગદ આવ્યો એ સમે નમન કરી ન્યારું.

ચરણે મસ્તક મૂકતાં અરજ કરી એણે;
હાથ ઉઠાવીને ધર્યું અભયદાન એને.

સુગ્રીવે હનુમાનને ક્રોધાતુર જાણી,
કહી પવનસુતને ભરી વ્યાકુળતા વાણી.

હનુમાને તારા સહિત કરતાં પદે પ્રણામ,
પ્રભુના સુંદર સુયશનાં સાદર કર્યાં વખાણ.

લાવી પછી મહેલમાં ધોઈ ચરણકમળ,
સુગ્રીવે પગમાં પડી કહ્યાં કરુણવચન.

નાથ, વિષયસમ મદ નથી, વ્યાપે મુનિઓને,
એક જ ક્ષણમાં, તો પછી છોડે તે કોને?

આલિંગનને આપતાં બંને સુખ પામ્યા;
હનુમાનમુખે દૂતના સમાચાર જાણ્યા.

ચાલ્યો હર્ષિત સુગ્રીવ અંગદાદિ કપિસાથ,
લક્ષ્મણને આગળ કરી આવ્યો જ્યાં રઘુનાથ.

(ચોપાઈ)

નમી ચરણે કહ્યું કર જોડી, ક્ષતિ મારી નથી નાથ, થોડી;
માયા અતિશય પ્રબળ તમારી, કૃપા વરસો છૂટે તો જ ભારી.

વિષયી સુરનરમુનિવર સ્વામી, હું તો પામર વાનર અતિકામી;
નારીનયનના બાણ ના વાગ્યાં, ઘોર ક્રોધનિશામાંથી જાગ્યા,

લોભપાશમાં જે ના બંધાયા, નર તમસરખા કો રઘુરાયા.
ગુણ સાધને ના મળે સોઈ, પામે અનુગ્રહથી કોઈકોઈ.

બોલ્યા રઘુપતિ મધુ મુસકાઈ, પ્રિય ભરતસમા તમે ભાઈ;
હવે યત્ન કરો ગણી સેવા મળે સીતાની માહિતી એવા.

(દોહરા)

એ વખતે નાનાવરણ આવ્યાં વાનરયૂથ
દિશા તથા પ્રદિશાથકી ઉમટ્યાં વિવિધ વરૂથ.

*

(ચોપાઈ)

કેવી વાનરની મહાસેના, વીર કોણ ગણી શકે એના;
રામચરણે નમાવી સૌ શીશ બન્યા ધન્ય નિહાળીને ઈશ.
હતો વાનર એવો ન એક રામે જેને કરીને વિવેક
પૂછ્યા કુશળ સમાચાર ના હો, વિશ્વરૂપ વ્યાપક રઘુવર તો.

કહ્યું સુગ્રીવે રામનું કાર્ય આ તો મંગલ ને અવિચાર્ય;
શોધો જનકસુતા કરી પ્રેમ, આવો માસ વીત્યે ધન્ય જેમ.

(દોહરા)

વિના માહિતી આવશે પાછા પુરમાં આ
જીવિત તે શકશે રહી કેમે કરતાં ના.

વચન સુણીને વાનરો ચાલ્યા બધે તુરંત,
સુગ્રીવે સ્નેહે કહ્યું અંગદ નલ હનુમંત

જાંબવાન ને નીલ સૌ દક્ષિણમાં જાઓ,
મન ક્રમ વચને સેવતાં સમાચાર લાવો.

ભાનુ સેવવો પીઠથી અગ્નિને ઉરથી,
સ્વામી સ્નેહે સેવવા મુક્ત બની છળથી.

(આખ્યાન)

તજી મોહ સેવો પરલોક મટે સકળ ભવકેરા શોક;
દેહતણું ફળ એ જ મહાન ભજવા રામ પરમકલ્યાણ.

એ ગુણવાન એ જ બડભાગ જેને રામચરણ અનુરાગ;
આજ્ઞા માગી કરી પ્રણામ ચાલ્યા હરખી રટતા રામ.

ઢાળ્યું પવનકુમારે શીશ, સમજી બોલાવીને ઈશ
કરથી શીતળ સ્પર્શ કરી મુદ્રિકા સરસ તરત ધરી.

વિરહવીર્યનો કહેતાં સાર સમજાવીને વિવિધ પ્રકાર,
સાંત્વન સીતાને ધરતાં ધન્ય બનો મુજને મળતાં.

જન્મ સફળ સમજી હનુમાન ચાલ્યાં સ્મરતાં કૃપાનિધાન
જાણતા હતા સઘળી વાત નીતિ તોય પાળી સાક્ષાત
પ્રભુએ લીલા બધી કરી વિરહવ્યથાને પ્રાણ ભરી.

(દોહરા)

ચાલ્યા વન પર્વત નદી સર શોધી સઘળે
રામકાજમાં લીન મન ભૂલી સૌ તનને.

(આખ્યાન)

થતો ક્યાંક નિશિચર મેળાપ, હણતા મારીને લપડાક;
કરતાં વનપર્વતમાં ખોજ મુનિને ખબર પૂછતાં રોજ.

થયા એક દિન ખૂબ તૃષાર્ત, વારિ મળ્યું ના, ભૂલ્યા વાટ;
હનુમાને મન કર્યું અનુમાન મરશે સૌ ન મળ્યે જલપાન.

ચઢી શિખર જોયું ચોપાસ, દેખાયું કૌતુકશું ખાસ,
ચક્રવાકબક હંસ અનેક ઉડતાં બીજાં ગુફાપ્રવેશ
પક્ષી અનેકવિધિ કરતાં, જનાર ના પાછા ફરતાં

ઉતર્યા ગિરિથી પવનકુમાર, કરવા લાગ્યા સર્વ વિચાર;
ગુફામહીં ચાલ્યા હનુમાન, પછી બધાં સ્મરતાં ભગવાન.

(દોહરા)

જોયું ઉપવન અંદર સર વિકસિત મધુકુંજ,
મંદિર મધુમય એક ત્યાં નારી ને તપપૂંજ.

દુરથી જ વંદી કહ્યું એને નિજ વૃતાંત,
આજ્ઞા પામી સ્નાનથી થયા પાનથી શાંત.

ફળ મધુમય આરોગતાં સુણી કથા એની;
થઈ રામ પાસે જવા મનોવૃતિ તેની.

સીતા મેળવશો તમે થશો નિરાશ ન લેશ;
આપું આશીર્વાદ હું પામો સરસ પ્રદેશ.

એના આશીર્વાદથી આંખ ઉઘાડી તો
સમુદ્રતટ પરનો સુભગ પ્રદેશ પેખ્યો કો.

તપસ્વિની તે રામની પાસે પછી ગઈ;
ધન્ય કરી રઘુનંદને અખંડ ભક્તિ દઈ.

પ્રભુ આજ્ઞાથી તે ગઈ શુચિ બદરીવનમાં
ધરી રામચરણકમળ પ્રેમથકી ઉરમાં.

*

## સંપાતિનો સમાગમ

(ચોપાઈ)

વીતી અવધિ થયું નવ કામ એવું સમજી કપિ હાર્યા હામ;
કરવા લાગ્યા પરસ્પર વાત, ખાલી હાથે ફરીશું શું ભ્રાત !

બોલ્યો અંગદ આંખે ભરી વારિ, ભમે મૃત્યુ મસ્તક પર ભારી;
સૂધ સીતાતણી નવ પામ્યા, જઈશું સુગ્રીવને હાથે માર્યા.

વાલિ મારી મને હોત માર્યો, કિન્તુ રામે જ મુજને ઉગાર્યો;
નથી સુગ્રીવનો ઉપકાર, હવે દીસે સમીપે જ કાળ.

સુણી વચન રહ્યા કપિવીર, વહ્યાં શીઘ્ર નયનથકી નીર;
બન્યા સર્વ વિચારમાં લીન, વદ્યા વચન પછીથી પ્રવીણ.

મળે સીતાની માહિતી ના જો, પાછા ફરવું નથી નગરે તો;
બેઠા સૌએ લવણસિંધુ પાસે દર્ભ પાથરી મૃત્યુની આશે.

(દોહરા)

દુઃખ દેખી અંગદતણું કહ્યું જાંબવાને,
રઘુનંદનને માનવી કોઈ ના માને.

નિર્ગુણ બ્રહ્મ અજિતઅજ સાચે તે તો છે,
બડભાગી અતિ આપણે બન્યા સેવકો કે.

સગુણ બ્રહ્મ શ્રીરામનો પામીને અનુરાગ
શ્વાસ લઈએ પ્રતિપળે અન્ય છોડતાં રાગ.

સ્વેચ્છાથી પ્રભુ અવતરે સુરક્ષિતિ ગોદ્વિજ કાજ,
સંગ સગુણ ભક્તો રહે કરી મોક્ષસુખત્યાગ.

(ચોપાઈ)

કથા એવી સુણી ભલીભાંતિ ગિરિકંદરામાંથી સંપાતિ
આવ્યો ઉલ્લાસ સાથે બહાર આપ્યો જગદીસે જાણી આહાર.

આજે આહાર સૌનો કરું હું, ઘણા દિવસે ભોજનને જમું હું;
ભરી ઉદર પામ્યો ના આહાર, આજે વિધિએ દીધો એક વાર.

સુણી શબ્દ સંપાતિના જાણ્યું ડરી મરણ સમીપે જ આવ્યું;
બોલ્યો અંગદ શાંતિથી ત્યારે, પ્રભુધામમાં જે ગયો પ્યારે
રામકાર્ય કાજે તન ત્યાગી એ જટાયુ પરમ બડભાગી.

સુણી સંપાતિએ ગૂઢ વાણી આપી અભય સૌને મિત્ર માની,
જાણી સઘળી જટાયુની કરણી પ્રીતિ ઠાલવી પ્રભુપ્રતિ મનની.

(દોહરા)

સમુદ્રતટ પર અંજલિ જટાયુને આપી
કથા કહી સંપાતિએ નિર્ભયતા સ્થાપી.

તરુણાવસ્થામાં અમે એક વાર નભમાં
ઉડી રવિ પાસે ગયા ડૂબી બળમદમાં.

પાછો ફર્યો જટાયુ તો સહેવાતાં ના તેજ,
પરંતુ ઘોર અમંગલ કર્યું તે દિને મેં જ.

અસહ્ય તેજે પાંખ બે મારી બળી ગઈ,
ઘોર કરી ચિત્કાર હું નીચે ગયો પડી.

કૃપાસિંધુ મુનિ ચંદ્રમાં મુજ પર દયા કરી,
દેહાભિમાનને રહ્યા જ્ઞાને ઘોર હરી.

પરમાત્મા ત્રેતાયુગે ધરશે મનુજશરીર,
હરશે પત્ની તેમની ત્યારે નિશિચરવીર.

દૂત એહની ખોજમાં પ્રભુ તે મોકલશે,
પવિત્ર બનશે તેમને જ્યારે તું મળશે.

પાંખ પ્રગટશે ત્યાં તને, ચિંતા ના કર તું,
રહસ્ય કહેજે એમને જનકનંદિનીનું.

મુનિવરના શબ્દો થયા આજ સત્ય લાગે,
અભિનવ ચેતન મુજમહીં આજ અહીં જાગે.

ત્રિકૂટ ગિરિ પર છે વસી લંકાપુરી મહાન,
સ્વભાવથી નિર્ભય વસે રાવણ ત્યાં બળવાન.

અશોકવનમાંહી વસે સીતા શોકિત ત્યાં;
કહું દિવ્ય દ્રષ્ટિથકી નીરખી રહસ્ય આ.

વૃદ્ધ થયો ના હોત તો કરત સપ્રેમ સહાય;
સમુદ્રને ઓળંગવા કરવો ઘટે ઉપાય.

(આખ્યાન)

ઓળંગે શતયોજન સાગર તે જ કાર્ય કરશે મતિઆગર;
રામકૃપાથી નવલ શરીર મળ્યું મને, સૌ ધારો ધીર.

પાપી જેનું નામ સ્મરી ભવસાગરને જાય તરી,
તેના જન છો, ક્લૈબ્ય તજી કરો ઉપાયો રામ ભજી.

એમ કહી સંપાતિ ગયો, વિસ્મય સૌને પરમ થયો;
સૌએ નિજબળમાપ કહ્યું, પાર જવા ના ઉચિત ગણ્યું.

જાંબવાન કહે વૃદ્ધ થયો, બલી પ્રથમ જેવો ન રહ્યો;
વામન ખરના શત્રુ બન્યા ત્યારે બળની કૈં ન મણા.

(દોહરા)

બાંધી બલિને પ્રભુ વધ્યા, વર્ણવાય ના કાય;
દોડી સાત પ્રદક્ષિણા કરી બે ઘડીમાંહ્ય.

તરુણાવસ્થાનું હતું બળ એવું ભારે,
અનેક અર્ણવ હોત મેં ઓળંગ્યા ત્યારે.

અંગદ બોલ્યો સિંધુની જઈ શકું હું પાર,
શંકા કિન્તુ મને રહે પાછા ફરતી વાર.

કહ્યું જાંબવાને તમે સુયોગ્ય સર્વ પ્રકાર
નાયક સર્વતણા છતાં, કરાય શેં તૈયાર ?

(આખ્યાન)

જાંબવાન બોલ્યા હનુમાન, મૌન કેમ બેઠા બલવાન;
પવનતનય બળ પવન સમાન વિવેક ગુણ વિજ્ઞાનનિધાન,
કાર્ય કઠિન એવું શું છે થાય તમારાથી ના જે ?

રામકાર્ય માટે અવતાર સુણતાં થયા પર્વતાકાર;
કનકવર્ણ તેજોમય કાય, જાણે અન્ય ગિરિતણા રાય.

સિંહનાદથી વારંવાર, બોલ્યા અર્ણવ હોય અપાર
રમતવાતમાં પાર કરું, રાવણ સુહૃદો સાથ હણું.

ત્રિકૂટ પર્વતને લાવું અનાયાસ પાછો આવું.
આદેશ મને ઉચિત ધરો રામકાર્યથી ધન્ય કરો.

કહ્યું જાંબવાને સ્મિતસાથ, ભીડી શકો કાળને બાથ,
સીતાદર્શન ફકત કરો, સમાચાર સંપૂર્ણ ધરો.

રામ બાહુબળથી હણશે નિશિચરને, રાક્ષસ મરશે,
સીતાને મેળવશે એમ, કપિસેના છે કૌતુક જેમ.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

ત્રિભુવન સુપાવન સુયશ સુરમુનિ નારદાદિ વખાણશે,
નિશિચર સકળ સંહારતાં શ્રીજનકનંદિની લાવશે;
જન સુણી ગાઈ કહી સમજી પરમપદને પામશે,
રઘુવીર પદપાથોજ મધુકર દાસ તુલસી ગાય છે.

(દોહરા)

ભવભેષજ રઘુનાથયશ સુણશે જે નરનાર
સકળ મનોરથ એમના કરશે સિદ્ધ કૃપાળ.

(અનુષ્ટુપ)

નીલકમળસમ શ્યામ કોટિકામ શોભા અધિક
રામચરિત સુણવું ઘટે નામ જેનું ખગબગઅધિક.

## (કિષ્કિન્ધાકાંડ સમાપ્ત)

*



# વિહંગાવલોકન

## ૧. રામ તથા હનુમાન

રામ હનુમાનના પરમ આરાધ્ય કે ઉપાસ્ય દેવ.

હનુમાન એમના અનાદિકાળના એકનિષ્ઠ અનન્ય આરાધક અથવા ભક્ત.

એમના જીવનકાર્યમાં મદદરૂપ થવા માટે આવેલા. એમના એક અવિભાજ્ય અંગ જેવા.

એમના વિના રામજીવનની કલ્પના થઈ જ ના શકે.

મહાપુરૂષો પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામે છે ત્યારે એમને મદદરૂપ થવા માટે એમની આગળપાછળ એમના પ્રાણવાન પાર્ષદો પણ પધારતા હોય છે. હનુમાન રામના પવિત્ર પાર્ષદ હતા. એ એમને સુયોગ્ય સમય પર મળી ગયા.

રામ લક્ષ્મણ સાથે ઋષ્યમૂક પર્વત પાસે પહોંચ્યા ત્યારે એમને દૂરથી દેખીને સુગ્રીવે હનુમાનને એમની માહિતી મેળવવા મોકલ્યા. એવી રીતે વિપ્રરૂપવાળા હનુમાનને એમના સમાગમનું સુરદુર્લભ સૌભાગ્ય સાંપડ્યું.

હનુમાનની જિજ્ઞાસાના જવાબમાં રામે પોતાનો પરિચય આપ્યો એટલે હનુમાને એમને ઓળખીને પ્રણિપાત કરીને કહ્યું કે મેં મારી અલ્પબુદ્ધિને અનુસરીને આપને પૂછ્યું પરંતુ આપ મને કેમ ભૂલી ગયા ? આપની માયાથી મોહિત જીવ આપના અનુગ્રહ સિવાય તરી શકતો નથી.

मोर न्याउ मैं पूछा साईं। तुम्ह पूछहु कस नर की नाईं ॥

રામચરિતમાનસમાં સાંઈ તથા ગોસાંઈ શબ્દપ્રયોગ કેટલીયવાર કરવામાં આવ્યા છે - ભગવાનના ભાવાર્થમાં.

સામાન્ય રીતે ભક્ત ભગવાનને મળવા આતુર હોય છે ને સાધના કરે છે, ભગવાન પાસે પહોંચે છે. પરંતુ અહીં ભગવાન સ્વયં સામે ચાલીને ભક્તને આવી મળે છે. ભક્ત એથી પોતાને પરમ સૌભાગ્યશાળી સમજે છે. સાચો ભક્ત પરમ યોગ્યતાથી સુસંપન્ન હોવા છતાં નમ્રાતિનમ્ર હોય છે એ હકિકત હનુમાન પોતાને 'મંદ મોહવશ, કુટિલ હ્રદય અજ્ઞાની કહે છે તેના પરથી સમજી શકાય છે.

હનુમાન એમને બંનેને પોતાની પીઠ પર બેસાડીને પર્વત પર બિરાજેલા સુગ્રીવ પાસે લઈ જાય છે એ વર્ણન પરથી એમનું શરીરબળ કેટલું બધું અસાધારણ હશે એનું અનુમાન કરી શકાય છે.

સુગ્રીવ અને રામની મિત્રતા એમને લીધે જ થઈ શકી. સુગ્રીવે એમને લીધે જ રામને અગ્નિસાક્ષીમાં પોતાના મિત્ર માનીને સીતાની શોધ માટે સર્વકાંઈ કરી છૂટવાનો સંકલ્પ કર્યો. હનુમાનનું એ અસાધારણ કાર્ય કેવી રીતે ભૂલાય ?

## ૨.વાલિનો નાશ

રામ જેવી રીતે પોતાના સન્મિત્ર સુગ્રીવનો પક્ષ લઈને વાલિનો નાશ કર્યો તેવી રીતે બીજા કોઈનો નાશ કર્યો નથી. રામકથાના રસિકો કહે છે કે રામ જેવા પરમપ્રતાપી પુરૂષ માટે કોઈ જ નૈતિક નિયમો નથી, દોષ નથી. **समरथको नहीं दोष गोसांइ** એ જે ચાહે તે કરે. એને કોઈ પ્રકારનું બંધન નથી. ના હોય. એ જે વખતે જે યોગ્ય લાગે તે કરતો હોય છે.

જો કે રામને માટે એ કથન સંપૂર્ણપણે લાગુ ન પાડી શકાય. રામ મર્યાદા પુરુષોત્તમ કહેવાતા. ધર્મ અને નીતિની પરંપરાગત પ્રસ્થાપિત મર્યાદામાં રહીને જીવન ચલાવતા. એટલે ફાવે તેવું ના કરી શકે. વગરવિચાર્યે જડની પેઠે પગલાં ના ભરે. એમનાં પગલાં પ્રથમથી માંડીને છેવટ સુધી ગણતરીપૂર્વકનાં જ હોય.

રામે વાલિને વૃક્ષની ઓથે રહીને મારવાને બદલે યુદ્ધવિદ્યાના એ વખતના નિયમ પ્રમાણે યુદ્ધ દરમિયાન સામે રહીને, એને શક્તિ અનુસાર સામનો કરવાનો અવસર આપીને માર્યો હોત તો એ કાર્ય ઉત્તમ લેખાત. પરંતુ રામે એનો પીઠ પાછળ ઘા કરીને નાશ કરવાનું સમુચિત ધાર્યું. એમનું એ કાર્ય એ મર્યાદા પુરુષોત્તમ હોવાથી સદાને માટે ને કેટલાંક લોકોમાં ટીકાપાત્ર બન્યું.

વાલિએ પોતે પોતાના પ્રતિભાવને પ્રગટ કરતાં કહ્યું કે

**धर्म हेतु अवतरेहु गोसाई। मारेहु मोहि ब्याध की नाई ॥**
**मैं बैरी सुग्रीव पिआरा। अवगुन कबन नाथ मोहि मारा ॥**

તમે ધર્મની રક્ષા માટે અવતર્યા છો તોપણ મને શિકારીની પેઠે છુપાઈને માર્યો. મને વેરી અને સુગ્રીવને મિત્ર માન્યો. મને ક્યા દુર્ગુણને લીધે માર્યો ?'

રામે જણાવ્યું કે, 'હે શઠ! નાના ભાઈની સ્ત્રી, પુત્રની સ્ત્રી, બેન તથા કન્યા ચારે સમાન છે. એમને કુદ્રષ્ટિથી જોનારાને મારવામાં પાપ નથી. મૂઢ, તેં અતિશય અભિમાનને લીધે તારી સ્ત્રીની શિખામણ સામે ધ્યાન આપ્યું નહીં સુગ્રીવને મારા બાહુબળનો આશ્રિત જાણીને પણ હે અધમ, અભિમાની તું એને મારવાને માટે તૈયાર થયો.'

એ શબ્દો દ્વારા રામે વાલિનો અપરાધ કહી બતાવ્યો પરંતુ 'મને શિકારીની પેઠે માર્યો' એવી વાલિની વાતનો સંતોષકારક ખુલાસો ના કર્યો. પોતાના પ્રત્યુત્તરમાં રામ આ મુદ્દાને સ્પર્શ્યા જ નહીં. એ કહી શક્યા હોત કે તારા જેવા નરાધમને વ્યાધની પેઠે મારવા-મરાવવામાં પણ દોષ નથી. પરંતુ એમની આદર્શ ધર્મમર્યાદાનું શું ? એમણે કહી હોત તે જ ધર્મમર્યાદા અથવા એનો સમયોચિત અવસરાનુરૂપ વ્યક્તિગત અપવાદ?

એના જ અનુસંધાનમાં એક બીજી વાત કહો કે વિસ્મૃત વાત. રામે સુગ્રીવ સાથે મૈત્રી સ્થાપીને એને સર્વ પ્રકારે સહાયતા પહોંચાડવાની પ્રતિજ્ઞા કરી. સુગ્રીવની કથા સાંભળી. એને સમય પર વાલિ સાથે લડવા મોકલ્યો. એ બધું બરાબર, કિન્તુ એમણે વાલિની વાતને સાંભળી જ નથી. આદર્શ પુરૂષ કે મિત્ર તરીકે મિત્રની વાત કે લાગણીથી દોરવાઈ જવાને બદલે, વાલિની વાતને સાંભળવાનું એમનું કે કોઈનું પણ કર્તવ્ય લેખાય. એમણે વાલિનો સંપર્ક સાધીને, એની સાથે વાતચીત ગોઠવીને એને સમજાવવાનો પ્રયત્ન કરીને, દુર્ગુણમુક્ત કરીને, બંને બંધુઓ વચ્ચે પારસ્પરિક પ્રતિ કે સદભાવના સ્થાપવાની કોશિશ કરી હોત તો એવી કોશિશ આવકારદાયક અને સ્તુત્ય ગણાત. એવી કોશિશ નિષ્ફળ જતાં છેવટે યુદ્ધનો માર્ગ રહેત. સુગ્રીવને એને માટે ભલામણ કરાત. સુધરવાનો જેવો અવસર એમણે પાછળથી રાવણને આપ્યો એવો અવસર વાલિને આપ્યો જ નથી. પોતાના તરફથી એવો કશો પ્રયત્ન નથી કર્યો. એને સુધારવાની વાત જ વિસરાઈ ગઈ છે.

એમ તો રાજ્યને પામ્યા પછી સુગ્રીવ પણ રામને ભૂલી, પ્રતિજ્ઞાને વિસરીને ભોગવિલાસમાં ડૂબી ગયેલો. તોપણ એમણે એને સુધરવાનો કે જાગ્રત બનવાનો અવસર આપ્યો. વાલિ એવો અવસરથી વંચિત રહ્યો. નહિ તો બંને બંધુઓ કદાચ મિત્રો બનીને રામના પડખે ઉભા રહ્યા હોત.

એ દ્રશ્ય કાંઈ અનોખુ જ હોત.

રામકથાનો પ્રવાહ વધારે વિમળ અને વિશાળ બન્યો હોત.

*

## ૩. વર્ષા તથા શરદ ઋતુનું વર્ણન

કવિએ કરેલું વર્ષાઋતુનું અને શરદનું વર્ણન અનુપમ, અવનવું અને આહલાદક છે. એમણે વર્ણનની સાથે રજૂ કરેલી આધ્યાત્મિક સરખામણી મૌલિક છે. રામના મુખમાં મુકાયેલા ઉદગારો કાવ્યકળાના સર્વોત્તમ પરિચાયક અને સુંદર છે.

लछिमन देखु मोर गन नाचत बारिद पैखि।
गृही बिरति रत हरष जस बिष्नु भगत कहुँ देखि ॥

લક્ષ્મણ જો, કોઈક વૈરાગ્યવાન ગૃહસ્થ જેમ વિષ્ણુભક્તને જોઈને હરખાય તેમ મોરસમૂહ વાદળને વિલોકીને નાચી રહ્યો છે.'

घन घमंड नभ गरजत घोरा। प्रिया हीन डरपत मन मोरा ॥
दामिनि दमक रह न घन माहीं। खल कै प्रीति जथा थिर नाहीं॥

"આકાશમાં વાદળાં ઘેરાઈને ઘોર ગર્જના કરી રહ્યાં છે. પ્રિયા વિના મારું મન ડરી રહ્યું છે. દુષ્ટની પ્રીતિ જેમ સ્થિર હોતી નથી તેમ ચપલાના ચમકાર વાદળમાં સ્થિર રહેતા નથી."

"વિદ્વાન વિદ્યાને મેળવીને નમ્ર બને છે. તેમ વાદળાં પૃથ્વી પાસે આવીને વરસી રહ્યાં છે. દુષ્ટોનાં વચનોને સંત સહન કરે છે તેવી રીતે વરસાદની ધારાઓનો માર પર્વત સહી રહ્યો છે. પાખંડ મતના પ્રસારથી સદગ્રંથ ગુપ્ત થાય છે તેમ પૃથ્વી ઘાસથી છવાઈને લીલી બનેલી હોવાથી પંથની સમજ પડતી નથી. રાતના ગાઢ અંધકારમાં દંભીનો સમાજ મળ્યો હોય તેમ આગિયાઓ શોભે છે."

"જ્ઞાની જેમ મમતાનો ત્યાગ કરે છે તેમ નદી તથા તળાવનાં પાણી ધીમેધીમે શરદઋતુમાં સુકાઈ રહ્યા છે. ઉત્તમ અવસર આવ્યે સત્કર્મો ભેગા થાય છે તેમ શરદઋતુના શુભાગમનથી ખંજનપક્ષીઓ એકઠાં થયા છે."

સઘળી આશાઓથી મુક્ત ભગવાનનો ભક્ત શોભે છે તેમ વાદળો વગરનું નિર્મળ આકાશ સોહે છે. મારી ભક્તિને વિરલ પુરૂષવિશેષ જ પામી શકે છે તેમ કોઈકોઈ સ્થાનમાં જ વરસાદ વરસે છે. અજ્ઞાની સંસારી માનવ ધન વિના બેચેન બને છે તેમ જળ ઓછું થતાં માછલાં વ્યાકુળ થયાં છે. શ્રી હરિના શરણમાં જવાથી એકે આપત્તિ નથી રહેતી તેમ ઉંડા પાણીમાં રહેનારાં માછલાં સુખી છે. નિર્ગુણ બ્રહ્મ સગુણ બનીને શોભે છે. તેમ તળાવો કમળ ખીલતાં શોભે છે. સદગુરુ સાંપડતાં સંદેહ તથા બ્રહ્મના સમૂહો નથી રહેતા તેમ શરદઋતુ આવતાં પૃથ્વી પરના જીવો નાશ પામ્યાં છે."

*

## ૪. સંપાતિની દૈવી દ્રષ્ટિ

અરણ્યકાંડમાં સંપાતિનું પાત્ર સવિશેષ ઉલ્લેખનીય છે. સંપાતિ દૈવી દ્રષ્ટિથી સંપન્ન હતો.

સાગરના પ્રશાંત તટપ્રદેશ પર સુગ્રીવના આદેશથી સીતાની શોધમાં નીકળેલા વાનરોને એનો સહસા સમાગમ થયો. એણે વાનરોને જણાવ્યું કે મારા વચનને સાંભળીને તમે પ્રભુકાર્યમાં પ્રવૃત બનો. ત્રિકૂટ પર્વત પર લંકાપુરી વસેલી છે. ત્યાં સ્વભાવથી જ નિર્ભય રાવણ રહે છે. અને અશોક નામનું ઉપવન છે. એમાં સીતા ચિંતાતુર બનીને વિરાજમાન છે. હું એને જોઈ શકું છું. જે સો યોજન સમુદ્રને ઓળંગશે અને બુદ્ધિનો ભંડાર હશે તે જ રામનું કાર્ય કરી શકશે.

जो नाघइ सत जोजन सागर।
करइ सो राम काज मति आगर॥

જટાયુના ભાઈ સંપાતિનું એ માર્ગદર્શન સૌને માટે ઉપયોગી થઈ પડ્યું.

*

## ૫. હનુમાનની તૈયારી

શત યોજન અર્ણવને ઓળંગે કોણ ? વાનરવીરોને માટે એ પ્રશ્ન ભારે અટપટો થઈ પડ્યો.

જાંબવાને જણાવ્યું કે હું હવે વૃદ્ધ થયો છું મારા શરીરમાં પહેલાં જેવું બળ નથી રહ્યું. વામન અવતારમાં બલિને બાંધતી વખતે પ્રભુ એટલા બધા વધ્યા હતા કે તેમના શરીરનું વર્ણન ન થાય. મેં બે ઘડીમાં દોડીને એ શરીરની સાત પ્રદક્ષિણા કરેલી.

દધિમુખે જણાવ્યું કે હું સત્યાશી યોજન દોડી શકું છું.

અંગદે કહ્યું કે હું સમુદ્રને પાર કરી શકું પરંતુ પાછા આવવામાં સહેજ સંશય રહે છે.

હનુમાન એ સઘળો વાર્તાલાપ શાંતિથી બેસીને સાંભળી રહેલાં. એમને જાંબવાને જણાવ્યું કે હે બળવાન હનુમાન, તમે શા માટે મૂંગા બનીને બેસી રહ્યા છો ? તમે પવનપુત્ર છો. બળમાં પવનસમાન છો. બુદ્ધિ, વિવેક, વિજ્ઞાનની ખાણ છો. જગતમાં એવું ક્યું કઠિન કાર્ય છે જે તમારાથી ના થઈ શકે ? તમારો અવતાર રામના કાર્યને માટે જ થયેલો છે.

राम काज लगि तव अवतारा। सुनतहिं भयउ पर्वताकारा ॥

એ શબ્દોએ હનુમાનના અંતરાત્મામાં શક્તિસંચાર કર્યો. પરવત જેવા વિશાળકાય બની ગયા. એ બોલ્યા કે હું ખારા સમુદ્રને રમતમાત્રમાં ઓળંગી શકું. સહાયકો સહિત રાવણને અને ત્રિકૂટ પર્વતને લાવી શકું.

એ વારંવાર સિંહનાદ કરવા લાગ્યા.

જાંબવાને એમને સીતાને મળીને એમના સમાચાર લાવવા જણાવ્યું ને કહ્યું કે રામ પોતે રાક્ષસોનો નાશ કરીને સીતાને પાછી મેળવશે.

પ્રત્યેક આત્મા એવી રીતે અલૌકિક છે. અસાધારણ યોગ્યતા કે શક્તિથી સંપન્ન છે. એની અલૌકિકતા અજ્ઞાત અથવા દબાયેલી હોવાથી એ દીનતા, હીનતા, પરવશતાને અનુભવે છે. અવિદ્યારૂપી અર્ણવને પાર કરવાની શ્રદ્ધાને ખોઈ બેઠો છે. અશાંત છે. એને જાંબવાન જેવા સમર્થ સ્વાનુભવસંપન્ન સદગુરૂ સાંપડે તો એમના સદુપદેશથી એ એના વાસ્તવિક સચ્ચિદાનંદ સ્વરૂપને સમજે અને જાણે કે હું શુદ્ધબુદ્ધમુક્ત છું. મોહરહિત છું. એની સુષુપ્ત આત્મશક્તિ, ચેતના ઝંકૃત બનીને જાગી ઉઠે. પછી તો એ હનુમાનની પેઠે સુદુસ્તર સુવિશાળ સંમોહસાગરને પાર કરવા કટિબદ્ધ બને. શાંતિરૂપી સીતાનો સંસર્ગ સાધે. કૃતસંકલ્પ કે કૃતકૃત્ય બને.

હનુમાનની એ કથા એવો સારગર્ભિત જીવનોપયોગી સંદેશ પૂરો પાડે છે.

*

## ૬. સાગર ઓળંગાયેલો


હનુમાન અર્ણવને ઓળંગીને સામા કિનારે પહોંચેલા કે સુદુસ્તર સિંધુને તરી ગયેલા એવો વિવાદ કોઈ કોઈ વિદ્વાનોએ ઉભો કરેયો છે. એ કહે છે કે અર્ણવને ઓળંગી શકાય નહીં માટે હનુમાન એને તરીને ગયા હોવા જોઈએ. પરંતુ હનુમાન વિશિષ્ટ શક્તિસંપન્ન સિદ્ધ મહામાનવ હતા. એ લંકામાં નાનું રૂપ લઈને પ્રવેશેલાં. એ હકીકત બતાવે છે કે એમનામાં ઈચ્છાનુસાર રૂપને લેવાની સવિશેષ શક્તિ હતી. રામાયણમાં આવે છે કે એ સાગરને પાર કરવા તૈયાર થયા અને ચાલ્યા ત્યારે પાણીમાં એમની છાયા પડી. એનો અર્થ એવો થયો કે હનુમાન પાણી ઉપરથી પસાર થયા હોય તો જ એમની છાયા પાણીમાં પડી શકે. સીતાને પણ એ પીઠ પર બેસાડીને લઈ જવાની વાત કરે છે.

જે નાનપણમાં સૂર્યને પકડવા આકાશમાં દોડી ગયા એમને માટે અર્ણવને ઓળંગવાનું અશક્ય નથી. એ એવી આકાશગમનની જન્મજાત શક્તિથી સંપન્ન હતા. એ જ શક્તિથી એ લક્ષ્મણને માટે સંજીવનીબુટી લાવવા એક જ રાતમાં વ્યોમમાર્ગે આગળ વધીને પાછા ફરેલા.

સીતાના હરણ પછી રાવણે ગગનગામી રથ કે વાહન દ્વારા આગળ વધીને સાગર પરથી પસાર થઈને લંકામાં પ્રવેશ કરેલો. પર્વત પર બેઠેલા સુગ્રીવે એને જોયેલો પરંતુ ઓળખેલો નહીં. હનુમાને એ જ સાગરને કોઈ વાહન વિના જ ઓળંગીને લંકાપ્રવેશ કરેલો.

*

**શ્રી યોગેશ્વરજી**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ – ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં(In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A Hermit in the Himalayas)

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ જીવન અને કાર્ય -▪ મા સર્વેશ્વરી એક પરિચય -

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ દર્પણ ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા

**ભજનો** અભીપ્સા ▪ અર્પણ ▪ અંતરનો અનુરાગ ▪ આલાપ ▪ આરતી ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ **રામચરિતમાનસ** ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મિણી ▪ ગાંધી ગૌરવ ▪મૃતરસા (રામકૃષ્ણ)

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્ત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર)▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

**For more information**
**on the Life and works**
**of**

# Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**